સ્થાયી સમિતિ ઠરાવ નંબર ૨૬૨/૨૦૨૧ તા:-૨૨/૦૪/૨૦૨૧ 8764

આ સોસાયટી માં કુલ ________ કનેકશન આવેલ છે

26828

૧/૪

અરજી ફોર્મ:વિના મૂલ્યે

42

# ૨૪X૭ પુરવઠા યોજના
## સુરત મહાનગરપાલિકા

ન્યુ નોર્થ વોટર ઝોન (મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ)

૨૪X૭(૨૪ કલાક)પાણી પુરવઠાનું નવું/ ટ્રાન્સફર/નળ જોડાણ વોટરમીટરના દરથી આપવાની અરજી.

એન.સી.નં.ટી.સી.નં. 26605

તારીખ: 7-10-21

વેરા બીલ મુજબનો

ટેનામેન્ટ નંબર:- 63-A-11-1521-0-001 કનેકશન નંબર:-..........................

પ્રતિ,

કાર્યપાલક ઈજનેરશ્રી,

હાઈડ્રોલિક / [illegible] ઝોન,

સુરત મહાનગરપાલિકા, સુરત.

(૧) હું નીચે સહી કરનાર [illegible] રહેવાસી 168 આશાપુરી સોસાયટી કોસાડ ની અરજી કે નીચે જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં મારી મિલકત આવેલી છે. અને તેમા મારે 15 મી.મી./ 1/2" ઈચનું વોટર કનેકશન જોઈએ છે તે આપવા વિનંતી.

(૨) મજકુર કનેકશન મારે સુરત મહાનગરપાલિકાના ૨૪X૭ પાણી પુરવઠાના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર પાસે મહાનગરપાલિકાના યોગ્ય અધિકારીની દેખરેખ હેઠળ મહાનગરપાલિકાની પાઈપ લાઈનથી મારી મિલકતની હદ સુધી મીટરથી નીચે જણાવેલ હેતું માટે જોઈએ છે. આ માટે જે ખર્ચ થશે તે મહાનગરપાલિકા માં હું જમા કરાવવા સંમત છું. મારી મિલકતનાં નિયત છેડા સુધી સુરત મહાનગર પાલિકા ધ્વારા નળ જોડાણ આપવામાં આવશે. ત્યારબાદ હું મારા પોતાના ખર્ચે, પોતાની રીતે મારી જરૂરીયાત મુજબનું કનેકશન લંબાવવાની કામગીરી કરાવી લઈશ.

| વોર્ડ નં. (ટી.પી. સ્કીમ નં.....) | નોંધ નં. (ફા.પ્લોટ નં........રે.સ.નં.....) | કનેકશન લેવાના સ્થળનું પૂરુ સરનામું | કનેકશનની સાઈઝ મી.મી./ ઈંચ | હેતુ(✓) નિશાની કરવી |
|---|---|---|---|---|
| 63 A | 168 | 168 આશાપુરી સોસાયટી કોસાડ | 1/2" | ઘર વપરાશ માટે ✓<br>બાંધકામ માટે<br>વાણિજ્ય હેતુ માટે<br>ઔદ્યોગિક હેતુ માટે<br>અન્ય હેતુ માટે |
| વાણિજય અને ઔધોગિક હેતુ માટે નળ જોડાણ મેળવવાની અરજીમાં અરજદારે હેતુ માટેની વિગતવાર માહિતી આપવી. | | | | |

(૩) આ વોટર કનેકશન સંબંધમાં કાયદેસર મહાનગરપાલિકા તરફથી વખતો વખત જે જે નિયમો અને નવા નિયમો નકકી કરવામાં આવશે તે નિયમો અનુસરવા અને વોટર રેઈટની રકમ જે જે વખતે ભરવાની ઠરાવેલ હશે તે રકમો હું ભરવા બાંહેધરી આપુ છું તથા વોટર કનેકશનના સંબંધમાં વખતો વખત તપાસ કરવા માટે જે કર્મચારી મહાનગરપાલિકા અને તેના ધ્વારા અધિકૃત વ્યકિત તરફથી તપાસ માટે આવશે તેમને તે તપાસવા વગર હરકતે સગવડ કરી આપીશ. નળજોડાણ વોટર બીલના નાણાં/રકમો ભરવામાં હું નિષ્ફળ જઈશ તો સુરત મહાનગરપાલિકા ધ્વારા નિતીનિયમો મુજબ નળજોડાણ રદ કરવા અંગે કાર્યવાહી કરી શકશે. જેની હું નોંધ લઉ છું.

(૪) આ વોટર કનેકશનમાં જો કોઈ પાછળથી ફેરફાર કરવાના હશે તો તે મહાનગરપાલિકા ની પૂર્વ મંજુરી લઈ પી.દાસ ઈન્ફ્રાસ્ટ્રકચર ના લાઈસન્સ પ્લમ્બર પાસે જ કરાવીશ.

(૫) સદરહું મિલકત સ્વ.ના.ક્રી.હિ નું
(અ) અમારી પોતાની માલિકીનું છે.
(બ) ધર્માદા છે. ટ્રસ્ટી મેનેજર છું.
(ક) ..........ની માલિકીનું છે. અને તેમા ભાડુઆત તરીકે રહુ છું અને તેના રૂમ મુજબ એ ઘરના માલિકની કબુલાત જોઈએ અને નીચે ટાંકેલી છે.

(૬) સદર હું કનેકશન માત્ર ઘરવપરાશના ઉપયોગ માટે જોઈએ છે અને તે સીવાય બીજા કોઈ પ્રકારનો ઉપયોગ કરીશ નહી.

(૭) બાંધકામ માટે કનેકશન જોઈતું હોય તો નીચેની વિગત ભરવી.
બાંધકામ/ રીપેરીંગ માટે રજા ચિઠ્ઠી નં............ તા............થી મળી છે.

(૮) મારા સદર હું મિલકતનું વપરાશનું પાણી હાલમાં ...ડ્રેનેજ...માં જાય છે.

(૯) સીધાવેરા ખાતામાંથી મિલકતનાં માલિક/ ભાડુત ટ્રસ્ટી ઈમ્લેદાર હોવા બાબતનું અને ટેક્ષ વિગત અંગેનું પ્રમાણપત્ર રજુ કરું છું.

(૧૦) સદર મિલકતમાં ભાડુત તરીકે રહુ છું જેથી ભાડા કરાર અથવા તો વેરા દફતરે ભાડુઆત તરીકે થયેલ નોંધણી પ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ છે.

(૧૧) મહાનગરપાલિકા ના જે તે ઝોનમાં સદર મિલકતનું છેલ્લામાં છેલ્લા વર્ષનો વેરો/ માંગણા બીલ તથા તે ભરપાઈ કરેલ નાણાની રસીદની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

(૧૨) અરજદારની ઓળખનાં પુરાવા માટે નીચે દર્શાવેલ કોઈ એક નકલ સામેલ કરવી.
(અ) વોટીંગ કાર્ડ, (બ) ડ્રાઈવીંગ લાયસન્સ,(ક) પાસપોર્ટ,(ડ) પાન કાર્ડ, (ઈ) આધાર કાર્ડ

(૧૩) એપાર્ટમેન્ટ હોય તો તમામ ફલેટના નંબર, નામ તથા ટેનામેન્ટ સાથેનું લીસ્ટ રજુ કરવું.

(૧૪) આથી હું ખાતરી આપુ છું કે મારી આ મિલકત ઉપર સોસાયટી કે કોઈપણ સરકારી ડ્રાફ્ટ કે ટાઉન પ્લાનમાં રીઝર્વેશન મુકવામાં આવેલ નથી. આમ છતાં જો ભવિષ્યમાં ઉપર મુજબનું કોઈ રીઝર્વેશન સાબિત થશે તો મારૂ નળ જોડાણ રદ કરવા હું સંમત છું.

(૧૫) આથી હું ખાતરી આપુ છું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ મારી મિલકતની નિયત હદ સુધીના નળ જોડાણ બાદ બાકી રહેતુ નળ જોડાણ/ પ્લમ્બર કામ લાયસન્સડ પ્લમ્બર મારફત કરાવી લઈશ અને જો તેમા કોઈ ફેરફાર થશે તો, તેની જાણ સુરત મહાનગરપાલિકા માં કરીશ.

(૧૬) મહાનગરપાલિકા નાં મુખ્ય પાણીની નળીકાથી વોટર મીટર સુધીનું કનેકશન જે મહાનગરપાલિકા તરફથી કરવામાં આવશે તેનુ ભવિષ્યમાં મેઈન્ટેનન્સ પણ મહાનગરપાલિકા ધ્વારા કરવાનું હોવાથી, આ કનેકશન કે વોટરમીટર સાથે હું ચેડા કરીશ નહી અને વખતો વખત કનેકશન મેઈન્ટેન્સ પેટે મહાનગરપાલિકા ધ્વારા નકકી કરેલ દરે હું મેઈન્ટેન્સ ખર્ચ આપવા આથી બંધાઉ છું.

(૧૭) ઉપર જણાવેલ તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે. ભવિષ્યમાં જો આ વિગતો ખોટી જણાય તો મારું નળજોડાણ સુરત મહાનગરપાલિકા ધ્વારા રદ કરવામાં આવશે. તેની સામે હું કોઈપણ જાતનો વાંધો લઈશ નહી. જેથી હું આથી લેખિત બાંહેધરી આપું છું.

(૧૮) સદરહું માત્ર નળજોડાણ મંજુર થયેથી મારી મિલકતના બાંધકામની કાયદેસરતા સ્થાપિત થતી નથી. તેમજ સદરહુ નળજોડાણ વેરાબીલમાં દર્શાવેલ માહિતીના આધારે આપવામાં આવે છે. જે વેરાબીલ સંબંધિત અન્ય કોઈ પણ બાબત નળજોડાણની કાર્યવાહી સાથે સંકળાયેલ નથી. જેની હું નોંધ લઉ છું.

(૧૯) સુરત મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નંબર ૩૬૨/૨૦૧૯ તા.૦૭/૦૩/૧૯ થી મંજુર કરેલ ભાવોથી નળજોડાણ ની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૨૦) નળજોડાણ માટે મિલકતદારોએ ભરેલ નાણાંની વધ–ઘટ વોટર મીટરનાં બીલમાં સરભર કરવામાં આવશે. જે માટે આથી હું સંમતિ આપું છું.

સુરત. તા.......................

સહી ......[signature]......

(માલિક/કબ્જેદાર)

બિડાણ :–

(૧) અરજદારનું માંગણા બીલ તથા છેલ્લા વર્ષના વેરાબીલ ભર્યાની રસીદ.
(૨) ડ્રેનેજ જોડાણના પુરાવા.
(૩) ઓળખના પુરાવા.
(૪) જો શકય હોય તો બી.યુ.સી./એન.ઓ.સી.સર્ટીફીકેટ સામેલ કરવું.
(૫) જો શકય હોય તો બાંધકામથી રજા ચિઠ્ઠી સામેલ કરવી.

–:બાંહેધરી પત્રક :–

**નળજોડાણ આપવા માટે નીચે મુજબના નિયમો(સંક્ષિપ્ત) મહાનગરપાલિકામાં હાલમાં અમલમાં છે.**

(૧) તા. ૦૧/૦૨/૧૯૮૦ સુધીમાં બાંધકામવાળી અને આકારણી દફતરે નોંધાયેલ મિલકતમાં B.U.C કે પ્રિમિયમ વસુલ કર્યા વગર નળજોડાણ આપવામાં આવશે.

(૨) તા.૦૧/૦૨/૧૯૮૦ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં બાંધકામવાળી અને આકારણી દફતરે નોંધાયેલ મિલકતમાં B.U.C વગર મે. કમિશનરશ્રીના પરીપત્ર નં.ટી.ડી.ઓ./૩૫૮, તા.૨/૦૫/૨૦૦૫ તથા એડી.સીટી ઈજનેર (ઈલે./ઈલે.એન્ડ મીકે.)ના પરીપત્ર નં.એચ.ઈ./આ./નં.૩૩૭૬, તા.૨૧/૧૧/૨૦૧૪ મુજબ નીચે જણાવેલ પ્રિમિયમની રકમ વસુલ કરી નળજોડાણ આપવામાં આવશે.

| અ.નં. | બાંધકામના વિસ્તાર | પ્રિમિયમની રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૧ ચો.મી. થી ૪૦ ચો.મી. | ૧,૦૦૦/– |
| ૨ | ૪૧ ચો.મી. થી ૬૦ ચો.મી. | ૨,૦૦૦/– |
| ૩ | ૬૧ ચો.મી. થી ૮૦ ચો.મી. | ૩,૦૦૦/– |
| ૪ | ૮૧ ચો.મી. થી ૧૦૦ ચો.મી. | ૪,૦૦૦/– |
| ૫ | ૧૦૦ ચો.મી. થી વધુ | ૫,૦૦૦/– |

(૩) તા.૦૧–૦૪–૨૦૧૬ તથા ત્યારબાદના બાંધકામવાળી અને આકારણી દફતરે નોંધાયેલ મિલકતમાં B.U.C રજૂ કર્યાથી નળજોડાણ આપવામાં આવશે. આ નળજોડાણ સંબંધમાં સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત જે–જે નીતિ–નિયમો નકકી કરવામાં આવશે તેનું પાલન કરવા આથી બંધાઉ છું.

(૪) હયાત નળ જોડાણના કાયદેસરના પુરાવા રજૂ કરનાર અરજદારને જ ટ્રાન્સફર કનેકશન આપવામાં આવશે જેની નોંધ લઈ ટ્રાન્સફર કનેકશન બાબતે નીતિ નિયમો મુજબ કાર્યવાહી હાથ ધરવા તથા ટ્રાન્સફર ફી ભરપાઈ કરવા સંમત છું.

(૫) સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૦૨/૨૦૧૮, તા.૨૯–૦૧–૨૦૧૮ થી નળ જોડાણ માટે શહેર વિસ્તારમાં તા.૦૧–૦૪–૨૦૧૮ થી નીચે મુજબ મંજુર કરેલ કનેકશન દર ઠરાવ્યા મુજબ ન્યુ નોર્થઝોન વિસ્તારમાં ચાર્જ વસુલવામાં આવશે.

| અ.નં. | જોડાણની વિગત | ઘર વપરાશ માટે રૂા. | બિન રહેઠાણ/કોમર્શીયલ/ઔધોગિક મિલકતમાં વપરાશના હેતુ માટે તેમજ શહેર બહારના રહેઠાણના ઘરવપરાશના હેતુ માટે રૂા. | વેપારના હેતુ માટે વોટર બેઈઝડ ઈન્ડસ્ટ્રીયલ માટે રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ૧/૨ " વ્યાસ | ૪૦૦/– | ૬૦૦/– | ૧,૨૦૦/– |
| ૨. | ૧ " વ્યાસ | ૮૦૦/– | ૧,૨૦૦/– | ૨,૪૦૦/– |
| ૩. | ૧ ૧/૨ " વ્યાસ | ૧,૬૦૦/– | ૨,૪૦૦/– | ૪,૮૦૦/– |
| ૪. | ૨ " વ્યાસ | ૩,૨૦૦/– | ૪,૮૦૦/– | ૯,૬૦૦/– |

તેમજ ઘર વપરાશના ગેરકાયદેસર નળ જોડાણ ધરાવનારાઓ પણ પાણીનો વપરાશ કરતા હોય તેવા કિસ્સામાં કુટુંબદીઠ વોટર ચાર્જ પણ વસુલ કરવાનો રહે છે. પરંતુ ગેરકાયદેસર નળ જોડાણ કયારે કરાવ્યા તેની કોઈ માહિતી કે કોઈ પુરાવા મળતા નથી તેથી જે તે સમયે જે વોટરચાર્જ અમલમાં હોય તેના ૪ (ચાર) ગણા વોટરચાર્જ કુટુંબદીઠ વસુલ કરવો તેમજ નીચે મુદ્દા નં. (૬) માં દર્શાવેલ દંડની રકમ પણ જે તે સાઈઝ મુજબ વસુલવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૦૨/૨૦૧૮, તા.૨૯-૦૧-૨૦૧૮ થી ગેરકાયદેસર નળ કનેકશન માટે શહેર વિસ્તારમાં તા.૦૧-૦૪-૨૦૧૮ થી નીચે મુજબ મંજુર કરેલ નળ જોડાણ માટેના દંડની રકમ ઠરાવ્યા મુજબ ન્યુ નોર્થઝોન વિસ્તારમાં ચાર્જ વસુલવામાં આવશે.

| અ.નં. | નળ જોડાણની સાઈઝ | ઘરવપરાશના નળજોડાણ માટે દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧. | ૧/૨ " વ્યાસ | ૫,૦૦૦/- |
| ૨. | ૧ " વ્યાસ | ૨૦,૦૦૦/- |
| ૩. | ૧ ૧/૨ " વ્યાસ | ૪૦,૦૦૦/- |
| ૪. | ૨ " વ્યાસ | ૮૦,૦૦૦/- |

ઔદ્યોગિક એકમો સહિત તમામ બીન રહેણાંક હેતુ માટે ગેરકાયદેસર નળ જોડાણ જણાયે તે કાપી નાંખ્યા બાદ આ જોડાણને નિયમબધ્ધ કરવા માટે માંગણી કરવામાં આવે ત્યારે ગેરકાયદેસર નળ જોડાણ ઉપર પાણીનો વોટર ચાર્જ વસુલ કરવા માટે ઉપર ટેબલમાં જણાવેલ સાઈઝ મુજબ તેની સામે જણાવેલ રકમની ૪ (ચાર) ગણી રકમ વોટર ચાર્જ તરીકે વસુલ કરવાની રહેશે તેમજ ઉપર જણાવેલ દંડની રકમ પણ વસુલ કરવામાં આવશે.

(૭) ટી.પી. રસ્તા પર નાંખવામાં આવેલ પાઈપલાઈનમાંથી નળજોડાણ આપવાનાં પ્રસંગે હાલની પ્રથા મુજબ નળજોડાણ દીઠ રૂા.૨,૫૦૦/- વધારાના ભરવાના રહેશે.

ઉપરોકત નિયમોમાં ભવિષ્યમાં કોઈ ફેરફાર થાય તે અમોને બંધનકર્તા રહેશે.

મારી રૂબરૂ

અરજદારની સહી :- ..........

કોન્ટેકટ નંબર :- ..........

:-..........

પાણી પુરવઠાના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરના સહી સિક્કા :-

**પી. દાસ. ઈન્ફ્રાસ્ટ્રકચર**
મિતેશ ... કાપડિયા
લા. નં. C-55
રીલાયન્સ નગર સામે, કોસાડ ચાર રસ્તા,
અમરોલી કોસાડ મેઈન રોડ, સુરત.
Mob. 98244 77259